**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**

**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

ક.યુ./એ.સી./મીટીંગ/મીનીટસ/૧૯ સપ્ટે-૨૦૧૬/ ૮૦૬ તા.૨૭/૦૯/૨૦૧૬

પ્રતિ,
એકેડેમિક કાઉન્સીલના તમામ સભ્યશ્રી,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :** **ગત તા.૧૯/૦૯/૨૦૧૬ ના રોજની એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૯/૦૯/૨૦૧૬ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**કુલસચિવ(ઇન્ચા.)**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ**

બિડાણઃ- એકેડેમિક કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University ✿ BHUJ - Kachchh 370001

# તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૬ ને સોમવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રીઓની મિનિટ્સ નોંધ

તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૬ ને સોમવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકેડેમિક કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર સાથે જ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડો. શ્રી.સી.બી.જાડેજા | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨ | ડો.ડી.એમ.બકરાણીયા | સભ્યશ્રી | હાજર |
| ૩ | ડો. એમ.જી.ઠક્કર. | સભ્યશ્રી | હાજર |
| ૪ | ડો. પી.એસ.હિરાણી | સભ્યશ્રી | હાજર |
| ૫ | ડો. કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૬ | ડો.ડી.સી.ધોળકીયા, | સભ્યશ્રી | હાજર |
| ૭ | ડો.પી.એન.દવે, | સભ્યશ્રી | હાજર |
| ૮ | ડો.નવલકિશોર શર્મા, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯ | ડો.એસ.જી.પરડવા | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રી.સી.પી.પટેલ, | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રી.ડી.ડી.છાંગા, | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | ડો.એસ.એલ.ભંડારી, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૩ | શ્રી એસ.એસ.રાઠોડ, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૪ | શ્રી.એચ.એન.દોશી, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૫ | શ્રી.એ.એચ.ભીડે, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૬ | સુશ્રી કે.ડી.કામોલ, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૭ | ડો.એસ.જી.ધર્માણી, | સભ્યશ્રી | હાજર |
| ૧૮ | ડો.એમ.કે.પંડયા, | સભ્યશ્રી | હાજર |
| ૧૯ | ડો.સરલા એ.સંગતાણી, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૦ | શ્રી.પી.ડી.ઉદેશી, | સભ્યશ્રી | હાજર |
| ૨૧ | ડો.આર.એસ.ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૨૨ | શ્રી.એન.આર.ભગતાણી | સભ્યશ્રી | હાજર |
| ૨૩ | ડો.અર્ચના પી. ઉપાધ્યાય, | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૪ | શ્રી કે.એમ.પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૨૫ | ડો.એલ.વી.ફફલ | સભ્યશ્રી | હાજર |
| ૨૬ | ડો.જે.એમ.પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૨૭ | શ્રી.એમ.ડી.દવે | સભ્યશ્રી | હાજર |
| ૨૮ | શ્રી જે.એચ.દક્ષિણી | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨૯ | શ્રી બી.વી.વ્યાસ | સભ્યશ્રી | હાજર |
| ૩૦ | ડો.ડી.એમ.બકરાણીયા,<br>કુલસચિવશ્રી, | સેક્રેટરીશ્રી | હાજર |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

૧. તા. ૧૨ મી નવેમ્બર-૨૦૧૪ ની મિનિટસનું વાંચન અને બહાલી.

ઠરાવ નં-૧. ગત મિનીટસનું વાંચન કરવામાં આવેલ, જે સંદર્ભમાં નીચે મુજબના ઠરાવોમાં સભાએ ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે સુધારા કરતા ઠરાવો કરવામાં આવ્યાં.

ગત સભાના ઠરાવ નં-૨, તમામ અભ્યાસક્રમો ના ઉતરવહીઓનું મુલ્યાંકન મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ઉપર કરવું. સંજોગોવસાત જ્યાં જરૂર જણાય ત્યાં કુલપતિશ્રી અને કુલસચિવશ્રી દ્વારા મંજુરી મેળવી અન્ય સ્થળે મુલ્યાંકન કાર્ય માટે કાર્યવાહી હાથ ધરવી.

ગત સભાના ઠરાવ નં-૬ બી.વોક.ના અભ્યાસક્રમ બાબતે યુ.જી.સી. ની શરતો અનુસાર કાર્યવાહી હાથ ધરવી.

ગત સભાના ઠરાવ નં- ૮ થી શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ થી એમ.સી.આઇ.ની માન્યતાને આધારીત જોડાણ આપવાનું ઠરાવેલ. સદર અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ થી શરૂ થયેલ ન હોઇ પરંતુ શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ થી શરૂ થયેલ હોવાથી આ અનુસ્નાતક વિષયો અભ્યાસક્રમને બહાલી આપવામાં આવે છે.

ગત સભાના ઠરાવ નં- ૯ થી શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ (કોડાય પુલ) માંડવીમાં નવી કોલેજ બી.એસ.સી. અભ્યાસક્રમની શરૂ કરવા જોડાણ આપવાનું ઠરાવેલ. આ કોલેજ માં અભ્યાસક્રમ શરૂ થયેલ ન હોવાથી ભલામણ રદ્દ કરવા તથા ભુજ ખાતે ધ તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ભુજ દ્વારા બી.કોમ. અભ્યાસક્રમની નવી કોલેજ શરૂ કરવા જોડાણ આપવાનું ઠરાવેલ. સદર કોલેજ શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ થી શરૂ થયેલ હોવાથી તે કોલેજને જોડાણ લગતી કાર્યવાહી બહાલ રાખવામાં આવે છે.

ગત સભાના ઠરાવ નં-૧૦(૧) અને ૧૦(૨) થી નવી કોલેજ શરૂ કરવા, જોડાણ આપવાનું ઠરાવવામાં આવેલ. સદર અભ્યાસક્રમ માટે કાર્યવાહી થયેલ ન હોઇ આ ઠરાવો રદ્દ કરવામાં આવે છે.

ગત સભાના ઠરાવ નં-૧૫ થી પી.જી.ડી.એસ.પી.એમ. અભ્યાસક્રમ માટે સદર કોલેજને સબંધિત અભ્યાસક્રમને અનુરૂપ શિક્ષકોની ભરતી કરવા, સદર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારાના પ્રયાસો હાથ ધરવાની તાકિદ કરવામાં આવે અને બે વર્ષની સમીક્ષા બાદ ધાર્યા પરીણામો ન જણાય તો સદર અભ્યાસક્રમ બંધ કરવા ઠરાવવામાં આવ્યું.

ગત સભાના ઠરાવ નં- ૧૭ની સદર બાબતને અમલમાં લેવાયેલ ન હોઇ આ ઠરાવ રદ કરવામાં આવે છે.

ગત સભાના ઠરાવ નં-૧૯ કચ્છ યુનિવર્સિટીના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ સેમે-૧ થી ૬ માં તમામ વિષયોમાં ઉતિર્ણ હોય તેવા જ વિદ્યાર્થીઓને સેમે-૭ માં પ્રવેશની તક આપવા સુધારા ઠરાવ કરવામાં આવ્યું.

ગત સભાના ઠરાવ નં-૨૨ની સદર બાબતને અમલમાં લેવાયેલ ન હોઇ આ ઠરાવ રદ કરવામાં આવે છે.

ગત તારીખ ૧૨ મી નવેમ્બર-૨૦૧૪ રોજની સભાની મિનિટસ ના વાંચન બાદ જે ઠરાવોમાં સુધારા-વધારા સુચવવામાં આવ્યાં તે સર્વાનુમતે બહાલ ઠરાવવામાં આવ્યા જ્યારે

Krantiguru Shyamji Krishna Verma Kachchh University – Bhuj (Kachchh) 370001

**અન્ય ઠરાવોને તે મુજબ જ યથાવત છે માન્ય રાખી આ મિનીટસને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.**

૨. બી.એ.,બી.કોમ.(અંગ્રજી, અર્થશાસ્ત્ર અને કોર્મસીયલ કોમ્યુનીકેશન), બી.એસ.સી., બી.બી.એ., બી.એડ્.,એમ.એડ્., એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી.,પી.જી.ડી.આઇ.આર અને એચ.આર.ડી., એમ.એસ.ડબલ્યુ, એમ.એલ.ડબલ્યુ., એમ.પી.એ., એમ.એ.(આર્કિયોલોજી), એમ.એસ.સી.(આઇ.ટી.), પીજીડીસીએ, એમ.એસ.સી.(સીએ એન્ડ આઇટી), બી.સી.એ. ના નવા અભ્યાસક્રમો વર્ષ–૨૦૧૬–૧૭ થી અભ્યાસક્રમમાં જણાવ્યાં મુજબ ક્રમશઃ અથવા તમામ સત્રોથી અમલ કરવા અને તમામ અભ્યાસક્રમના પ્રશ્નપત્રના માળખામાં સૂચવ્યા મુજબ ૨.૧૫ અને ૩.૦૦ કલાક કરવાની મંજુરી અંગે.

**ઠરાવ નં–૨.** **બી.એ.,બી.કોમ.(અંગ્રજી, અર્થશાસ્ત્ર અને કોર્મસીયલ કોમ્યુનીકેશન), બી.એસ.સી., બી.બી.એ., બી.એડ.,એમ.એડ., એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી.,પી.જી.ડી.આઇ.આર અને એચ.આર.ડી., એમ.એસ.ડબલ્યુ, એમ.એલ.ડબલ્યુ., એમ.પી.એ., એમ.એ.(આર્કિયોલોજી), એમ.એસ.સી.(આઇ.ટી.), પીજીડીસીએ, એમ.એસ.સી.(સીએ એન્ડ આઇટી), બી.સી.એ. ના નવા અભ્યાસક્રમો વર્ષ–૨૦૧૬–૧૭ થી અભ્યાસક્રમમાં જણાવ્યાં મુજબ ક્રમશઃ અથવા તમામ સત્રોથી અમલ કરવા, તમામ અભ્યાસક્રમના પ્રશ્નપત્રના માળખામાં સૂચવ્યા મુજબ રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે ૨.૧૫ અને એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓ માટે ૩.૦૦ કલાક મુજબ પરીક્ષા લેવામાં આવે તે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. પી.જી.ડી.એસ.પી.એમ.ના અભ્યાસક્રમો વર્ષ–૨૦૧૬–૧૭ થી અમલ માટે મંજુર કરવા અંગે.

**ઠરાવ નં.–૩** **ગત સભાના ઠરાવ નં–૧૫ પ્રમાણે પી.જી.ડી.એસ.પી.એમ. અભ્યાસક્રમના પ્રશ્નપત્રો કયા વિષય હેઠળ સમાવિષ્ટ કરવા, સદર પ્રશ્નપત્રો માટે કયા વિષયના શિક્ષક તે શિક્ષણ આપી શકશે તેને આધારીત સદર કોલેજને સબંધિત અભ્યાસક્રમને અનુરૂપ શિક્ષકોની ભરતી કરવા, સદર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારાના પ્રયાસો હાથ ધરવાની તાકિદ કરવામાં આવે, આ માટે સબંધિત કોલેજે બે વર્ષમાં તમામ કાર્યવાહી હાથ ધરવાની રહેશે. બે વર્ષની સમીક્ષાના અંતે ધાર્યા પરીણામો ન જણાય તો સદર અભ્યાસક્રમ બંધ કરવા નિર્ણય લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. ૪થી ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવો બાબતની જાણ અને બહાલી

(૧.) ઠરાવ નં. ૩ થી પરીક્ષા સબંધિત વિવિધ કામગીરીના મહેનતાણાંના દરો માટે આગામી પરીક્ષા માર્ચ–એપ્રિલ ૨૦૧૬ થી અન્ય ફેરફાર ન થાય ત્યાં સુધી નવા દરોનું અમલીકરણ કરવાનું તથા તા.૦૧/૦૮/૨૦૧૬ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ ક્રમાંક–૯ મુજબ થીયરી પરીક્ષા સંચાલન માટે પરીપત્રના ૧–સી ના કોષ્ટક મુજબ ૬(છ) બ્લોક દીઠ એક સીનીયર સુપરવાઇઝર અને ૧(એક) –રીલીવર ફાળવવા તથા પરીક્ષા કેન્દ્રના મહેનતાણાં સિવાય તમામ ખર્ચ પેટે વિદ્યાર્થીદીઠ રૂા.૧૨/– ચુકવવા અંગે ના ઠરાવની જાણ અને બહાલી અર્થે.

(૨.) ઠરાવ નં.૪થી સીબીસીએસ પધ્ધતિ અંતર્ગત દર સેમેસ્ટરના પરીણામ માટે ક્યુમ્યુલેટીવ ગ્રેડ પોઇન્ટ એવરેજ પરીણામ પધ્ધતિ પ્રર્વતમાન હોઇ દરેક સેમેસ્ટર માટે ફેર–ગુણ–ચકાસણી,

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

રી-અસેસમેન્ટની વ્યવસ્થા ગ્રાહય રાખવા અંગે અને આ સબંધે સબંધિત નિયમો-અધિનિયમોમાં યોગ્ય ફેરફાર કરાવવાની કાર્યવાહી હાથ ધરવા માન.કુલપતિશ્રીને સતા સોંપવા બાબતના ઠરાવની જાણ અને બહાલી અર્થે.

(૩.) ઠરાવ નં.૧૧ થી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુ.જી.સી.) દ્વારા આપવામાં આવેલ સુચનનાં પરિપાલન સંદર્ભે ઓન લાઇન પ્રવેશની કામગીરી પાર પાડવા માટે ઉભી કરવાપાત્ર બનતી સગવડતાઓ યોગ્ય પ્રક્રિયા, કરકસર તથા હાલે યુનિવર્સિટી દ્વારા પ્રર્વતમાન નિયમોને મધ્યે નજર રાખી કાર્યવાહી હાથ ધરવાની સતા માન.કુલપતિશ્રીને સોંપવાના થયેલ ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૪.) ઠરાવ નં.૧૩ થી વર્ષ-૨૦૧૫-૧૬ થી ઉતરવહી મુલ્યાંકન કામગીરી માટે કેન્દ્રીય પધ્ધતિ અમલમાં લાવવી અને તે અનુસાર યુનિવર્સિટી કેમ્પસ પરજ મુલ્યાંકન કાર્ય કરાવવાનું તથા અમલીકરણમુ રાખવી અને મોડરેશન પધ્ધતિ અન્ય હુકમ ન થાય ત્યાં સુધી રદ કરવા અંગે ના ઠરાવ ની જાણ અને બહાલી અર્થે.

**ઠરાવ નં-૪** **૪થી ફેબ્રુઆરી ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવોને સર્વાનુમતે સ્વીકારી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. ૨૩મી એપ્રિલ ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવો બાબતની જાણ અને બહાલી

(૧.) ઠરાવ નં.૪ થી ચિકિત્સા વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમો સંદર્ભે તા.૦૪/૦૪/૨૦૧૬ ના રોજની માન.કુલપતિશ્રી નોંધ પર મળેલ અનુમતિ અન્વયે થયેલ કાર્યવાહીને બહાલ રાખી શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ માટે પ્રવેશ પ્રક્રિયા યોજવી અને કોલેજની રજુઆતને ધ્યાને લઇ ઉપલબ્ધ અનુસ્નાતક બેઠક પર દર્શાવેલ બેઠક મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી જેની જાણ અને બહાલી અર્થે.

(૨.) ઠરાવ નં ૯ મુજબ હાથ ધરાયેલ કાર્યવાહી ની જાણ તથા બહાલી અર્થે.

**ઠરાવ નં ૯ /૧:** **૭૦ માર્કસની પરીક્ષાના પ્રશ્નપત્રના ઉતરો આપવા માટેની સમયાવધી કલાક ૨:૧૫ મીનીટ જ્યારે ૧૦૦ માર્કસની પરીક્ષા પ્રશ્નપત્રના ઉતરો આપવામાટેની સમયાવધી કલાક ૩:૦૦ મીનીટ રાખવી.**

**ઠરાવ નં ૯ /૨:** **પરીક્ષાના પરિણામો બાદ પુનઃ મુલ્યાંકનની અરજી કરનાર ઉમેદવારોને ઉતરવહી જોવા માટે મંજુરી ન આપવી. જ્યારે પુનઃ મુલ્યાંકનના જવાબો રજીસ્ટર પોસ્ટથી "If not deliver return to University" સુચના સાથે મોકલવા.**

**ઠરાવ નં ૯ /૩:** **પરીક્ષાની બેઠક વ્યવસ્થા બાબતે ઓછી સંખ્યા ધરાવતી કોલેજોના વિદ્યાર્થીઓને વધુ સંખ્યા ધરાવતી કોલેજોમાં સમાવેશ કરવો. જ્યારે સુચારુ વ્યવસ્થાના ભાગરૂપે ૧૦ કીમીની ત્રીજ્યામાં આવતી એકથી વધારે કોલેજોના વિદ્યાર્થીઓને કોઈ એક જ કોલેજમાં પરીક્ષા માટે સમાવવા અને કેન્દ્રીયકૃત બેઠકવ્યવસ્થાનું આયોજન કરવું.**

**ઠરાવ નં ૯ /૪:** **ચેરમેન પ્રથા અંગે ચેરમેનશ્રી દ્વારા થતી કામગીરીમાં ચોકસાઈ આવે તે મુજબ ચેરમેનશ્રીઓને પરીક્ષા વિભાગ દ્વારા તેમની જવાબદારીથી વાકેફ કરવા.**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001

**ઠરાવ નં ૯ /૫: મેડીકલ ફેકલ્ટીના મુલ્યાંકન પ્રક્રિયા અંગેના વર્તમાન ધારા ધરોણ મુજબના દરો ચાલુ રાખવા.**

**ઠરાવ નં ૯ /૬: માર્કશીટ વિતરણ માટે પ્રતિ વિદ્યાર્થી ચુકવાતું મહેનતાણું રૂા.૧/– ની પ્રથા રદ કરવી.**

**ઠરાવ નં ૯ /૭: પેપર ચકાસણી અંગે ચેરમેનશ્રીના નિમણુંક અને મહેનતાતણા અંગે જે તે વિદ્યાશાખાના BOS (Board of Study)ને કામગીરી કરવી અને તે અંગે માન.કુલપતિશ્રી દ્વારા થયેલ નિર્ણય ગ્રાહય રાખવું.**

(૩.) ઠરાવ નં.૮ થી લખપત તાલુકામાં સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભુજમાં ડાયટ દ્વારા સંચાલિત સરકારી બી.એડ. કોલેજ ના જોડાણ પ્રક્રિયા અંગે ઠરાવની જાણ અને બહાલી અર્થે.

**ઠરાવ નં–૫ ર૩મી એપ્રિલ ર૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવોને સર્વાનુમતે સ્વીકારી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. ૧લી ઓગષ્ટ ર૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવો બાબતની જાણ અને બહાલી

(૧.) ઠરાવ નં.ર થી ફિજીયોથેરાપી અભ્યાસક્રમ સંબંધે ઇ.સી. મંજુરીથી આપેલ જોડાણને મંજુર રાખવામાં આવે છે. આ ફેકલ્ટીના અભ્યાસક્રમને યુનિવર્સિટીના એકેડેમિક ઓર્ડિનન્સ ૯૪ પ્રમાણે એકેડેમિક કાઉન્સીલ મંજુર રાખે તથા કુલસચિવશ્રીના કાર્યાલયથી યુનિવર્સિટી દ્વારા એ.સી.પી.સી. મારફતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા અંગે કાર્યવાહી કરવાના ઠરાવ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી તે ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(ર.) ઠરાવ નં.૫ થી કચ્છ યુનિવર્સિટીના નિશ્ચિત કરવામાં આવેલ ફિ ના માળખાંમાં ફક્ત સેમે–૧ નો ઉલ્લેખ હોઇ અન્ય સેમેસ્ટરનો ઉલ્લેખ થયેલ ન હોવાથી, સ્પોર્ટસ ફિ બાબતે સુધારાને અવકાશ હોઇ, આ પરીપત્રનો અમલ પડતર રાખવો, ફરીથી સમિતિ બોલાવી પ્રક્રિયા હાથ ધરી ફરીથી પરીપત્ર બહાર પાડવા અંગેની જવાબદારી શ્રી ડો.કે.એમ.ત્રિવેદીને સોંપવામાં આવી. તથા વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ જુથ વિમાનું કવચ વિદ્યાર્થીઓને મળે તે હેતુથી જુથ વિમાના રૂા.૧૦/– યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં અને તે અંગેની કાર્યવાહી હાથ ધરવાના ઠરાવ તથા થયેલ અમલવારીની જાણ અને બહાલી અર્થે.

(૩.) ઠરાવ નં.૬ થી કચ્છ યુનિવર્સિટીના એમ.કોમ.રેગ્યુલાર સ્વનિર્ભર ના એક વર્ગ વધારવા માટે તથા નિશ્ચિત કરેલ ફિનું ધોરણ માન્ય રાખવાના ઠરાવ અંગે જાણ તથા બહાલી અર્થે.

(૪.) ઠરાવ નં.૧૦ થી કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગ માટે માન.કુલપતિશ્રી દ્વારા તા.૦૮/૦૭/ર૦૧૬ થી મંજુર કરેલ ફિનું માળખું બહાલ રાખવા માટે ના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૫.) ઠરાવ નં. ૧૬ થી કચ્છ યુનિવર્સિટી દ્વારા કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા ચાલતાં જુદા–જુદા સર્ટીફિકેટ અભ્યાસક્રમો અંગે હાલમાં વર્ષ–ર૦૧૫–૧૬ ના પ્રમાણપત્રો આપવા. વર્ષ–ર૦૧૬–૧૭ માટે યુ.જી.સી./ રાજય સરકાર/ કચ્છ યુનિવર્સિટીની મંજુરી સાથેની દરખાસ્ત મંગાવવી અને ત્યારબાદ નિર્ણાયક સમિતિની ભલામણ મુજબ કાર્યવાહી હાથ ધરવાના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૬.) ઠરાવ નં. ૧૭ થી ચિકિત્સા વિદ્યાશાખા અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમનાં જોડાણ અને નોંધણી અન્વયે જે અભ્યાસક્રમના પ્રવેશ માટે એલ.આઇ.સી. થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ - Kachchh 370001

એલ.ઓ.પી./એલ.ઓ.આઇ. મળેથી અને જે કિસ્સામાં એલ.આઇ.ઈસી. થયેલ ન હોય તેવા કિસ્સામાં ત્વરીત એલ.આઇ.સી. કરી એલ.ઓ.પી./એલ.ઓ.આઇ. મળેથી સૈધ્ધાંતિક મંજુરી મેળવવા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની નોંધણી કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાના ઠરાવ તથા અમલવારીની જાણ અને બહાલી અર્થે.

(૭.) ઠરાવ નં. ૧૮ થી કચ્છ યુનિવર્સિટીના જુદી–જુદી કોલેજોમાં ચાલતાં અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ તથા વર્ષ૨૦૧૫–૧૬ જાહેરનામાની દરખાસ્ત સરકારીશ્રીમાં કરવાની કાર્યવાહી માટે માન.કુલપતિશ્રીને સતા સોંપવાનું ઠરાવાવામાં આવ્યું તેની જાણ તથા બહાલી અર્થે.

(૮.) ઠરાવ નં.૧૯ થી કચ્છ યુનિવર્સિટીના જુદી–જુદી કોલેજોમાં ચાલતાં અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ–૨૦૧૬–૧૭ ના અનુસંધાનમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણુંક કરવાની સતા માન.કુલપતિશ્રીને આપવામાં આવી તે અંગેના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૯.) ઠરાવ નં.૨૦ થી યુનિવર્સિટીની પરીક્ષાઓનની ઉતરવહીઓ બિડાણ–૧૩માં ઉલ્લેખાયેલ શરતો/નિયમો ને આધીન વિદ્યાર્થીઓને નકલ આપવાનું બહાલ રાખવાના ઠરાવની જાણ અને બહાલી અર્થે.

(૧૦.) ઠરાવ નં.૨૫ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે તા.૨૭/૦૩/૨૦૧૭ સુધીના કાર્યકાળ માટે બી.યુ.ટી.આર.ની રચના કરવા અંગે ઠરાવ તથા થયેલ અમલવારીની જાણ તથા બહાલી અર્થે.

(૧૧.) ઠરાવ નં.૨૬ થી વર્તમાનમાં લો ફેકલ્ટીના ડીન ન હોઇ, વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી ડો.કે.એમ.ત્રિવેદીને લો ફેકલ્ટીના ઇન–ચાર્જ ડીન તરીકે નિમણુંક કરવા અંગેના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૧૨.) ઠરાવ નં.૩૦ થી ભરતી પ્રક્રિયા સમિતિ દ્વારા રજુ કરવામાં આવેલ ભરતી પ્રક્રિયા સબંધી ગુણાંકન યોજનાના પત્રકોને મંજુર રાખવાના ઠરાવ તથા થયેલ અમલીવારીની જાણ તથા બહાલી અર્થે.

ઠરાવ નં–૬ **એજન્ડા નં.(૬) થી ઠરાવ નં–૧૭ થી ચિકિત્સા વિદ્યાશાખા ના અનુસ્નાતક અભ્યાસક્રમો માટે એલ.ઓ.સી./એલ.ઓ.પી. મળેથી સરકારશ્રીને ભલામણ કરવા તથા ૧લી ઓગષ્ટ ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવોને સર્વાનુમતે સ્વીકારી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. ૧લી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવો બાબતની જાણ અને બહાલી

(૧.) ઠરાવ નં.૩ થી યુનિવર્સિટીના જે–તે વિષયના અનુસ્નાતક વિભાગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહેતી હોય તેવા વિભાગોની છેલ્લા બે વર્ષની વિદ્યાર્થીઓના પ્રવેશની આંકડાકીય માહિતી મંગાવવી. વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે વિભાગ અધ્યક્ષને પગલાં લેવા જણાવવાનું તથા આ બાદ પણ વિદ્યાર્થીઓની સંખ્યાનો અભાવ જણાય કે નહિવત થાય તેવા વિભાગો આવતાં શૈક્ષણિક વર્ષથી બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવા ના ઠરાવની જાણ અને બહાલી અર્થે.

(૨.) ઠરાવ નં.૪ થી એમ.એલ.ડબલ્યુ. ના અભ્યાસક્રમના શરૂઆતના વર્ષોમાં ગુજરાત યુનિવર્સિટી મુજબજ બન્ને વર્ષોની એકજ પરીક્ષાનું આયોજન તથા બે વર્ષની સંયુક્ત એક જ માર્કસીટ આપતી હોવાથી વિદ્યાર્થીઓને બે વર્ષની એક જ માર્કસીટ અંગે પ્રશ્ન ઉદભવે ત્યારે વિદ્યાર્થીઓને "Consolidated Marksheet" અંગેનું સર્ટીફિકેટ આપવાના ઠરાવની જાણ અને બહાલી અર્થે.

(૩.) ઠરાવ નં.૫ થી વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન સેમે–૬ ની સાથે સેમે–૫ ની પુરક પરીક્ષાઓ લીધેલ હતી. વિદ્યાર્થીઓના હિત અને તેમને પ્રગતિ માટે વર્ષ ૨૦૧૬–૧૭થી મુખ્ય

Krantiguru Shyamji Krishna Verma Kachchh University, Bhuj - Kachchh 370001

પરીક્ષા પૂર્ણ થયાના બે વિષયમાં અનુઉર્તિણ હોય તેવા વિદ્યાર્થીઓ માટેજ સમે-૫ અને સેમે-૬ ની દરેક સત્ર બાદ પુરક પરીક્ષાનું આયોજન કરવાના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૪.) ઠરાવ નં.૬ થી કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધી સમિતિના નિર્ણય અન્વયે ગુનો આચવાના પ્રકારો અને તે પ્રમાણે સજાના પ્રકારો/તબકકા ગુજરાત યુનિવર્સિટી મુજબના કચ્છ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામા આવેલ સાહિત્યને બહાલ રાખવાનું, કચ્છ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા આચરવામાં આવેલ ગેરરીતી સબબ પરીક્ષા શુધ્ધી સમિતિ દ્વારા અપાયેલ શિક્ષા અંતગર્ત કરવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક નં.ક.યુ./ જાહેરનામું/ કોપીકેસ/ માર્ચ-એપ્રિલ/ ૨૦૧૬/૯૭૩ તા.૨૪/૦૬/૨૦૧૬ ને બહાલ રાખવાના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૫.) ઠરાવ નં. ૭ થી કચ્છ યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક ૩૦/૧૫-૧૬ તા.૧૬/૦૨/૨૦૧૬ માં થીયરી પરીક્ષા સંચાલન માટે (૧)-સી.માં દર્શાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્ર પર પ્રત્યેક ૬(છ) બ્લોક દીઠ એક સીનીયર સુપરવાઇઝર તથા એક રીલીવર સુપરવાઇઝરની ઓકટોમ્બર-૨૦૧૬ની પરીક્ષાઓથી નિમણુંક કરી શકાય તેવું, તથા પરીક્ષા કેન્દ્ર પરના મહેનતાણાં સિવાય તમામ ખર્ચ પેટે વિદ્યાર્થીદીઠ રૂા. ૧૨/- ચુકવવાના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

(૬.) ઠરાવ નં. ૮ થી કચ્છ યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયા તેમજ એમ.ફીલ. અને પીએચ.ડી. અભ્યાસક્રમો અન્વયે યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૬ ને સ્વીકારી અમલવારી કરવાના ઠરાવની જાણ તથા બહાલી અર્થે.

**ઠરાવ નં-૭** **એજન્ડા નં.૭(૧) થી ઠરાવ નં-૩ માં યુનિવર્સિટીના જે-તે વિષયના અનુસ્નાતક વિભાગો નો ઉલ્લેખ કરવામાં આવેલ તેના બદલે આ ઠરાવમાં 'સ્વનિર્ભર અનુસ્નાતક વિભાગ' ના સ્પષ્ટીકરણ કરવા સુચવવાની સાથે ૧લી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં લેવાયેલ એકેડેમિક બાબતોને લગતા ઠરાવોને સર્વાનુમતે સ્વીકારી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. એલ.આઇ.સી. રીપોર્ટના આધારે વાણિવિનાયક કોલેજને મુખ્ય વિષય સમાજશાસ્ત્ર તરીકે વિષય ઉમેરવા અંગે તા.૨૯/૦૭/૨૦૧૬ ના રોજ મળેલ માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી ને બહાલી અર્થે.

**ઠરાવ નં-૮** **સદર કોલજ માટે માન.કુલપતિશ્રીની મંજુરીએ કરવામાં આવેલ કાર્યવાહી બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ દ્વારા ટી.વાય.બી.એસ.સી.માં મુખ્ય વિષય તરીકે બોટની વિષય ઉમેરવા અંગેના તા.૨૦/૦૬/૨૦૧૬ ના પત્રથી થયેલ રજુઆત અન્વયે ચર્ચા તથા નિર્ણય અર્થે.

**ઠરાવ નં-૯** **તત્કાલિન સમયે સદર અભ્યાસક્રમ અનુદાનિત ધોરણે સરકારશ્રી દ્વારા શરૂ થયેલ પરંતુ સદર અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશને લગતી મુશ્કેલીને કારણે બંધ થયેલ હોય હાલમાં બોટની વિષય અંગે એકેડમિક કાઉન્સીલના સભ્યશ્રી અને તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના આચાર્યશ્રી એસ.જી.ધર્માણી**

ની રજુઆતને ધ્યાને લઇ જો વિદ્યાર્થીઓ ઉપલબ્ધ થાય તો પુનઃ અનુદાનિત ધોરણે(સ્વનિર્ભર ધોરણે નહિ) કોલેજને શરૂ કરવા મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦. નવા બોર્ડ ઓફ સ્ટડીઝની રચના બાબતે ચર્ચા.

**ઠરાવ નં–૧૦** **નવા બોર્ડ ઓફ સ્ટડીઝની રચના બાબતે હાલમાં અસ્તિત્વમાં રહેલી બોર્ડ ઓફ સ્ટડીઝને તા.૨૭/૦૩/૨૦૧૭ સુધી ચાલુ રાખવા અને પુનઃરચના ત્યારબાદ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. કચ્છ યુનિવર્સિટીના પદવી એનાયત કરવા અન્વયે ગોલ્ડ મેડલ એનાયત કરવાના ધારા–ધોરણ નકિક કરવા અંગે ચર્ચા.

**ઠરાવ નં–૧૧** **કચ્છ યુનિવર્સિટીના પદવી એનાયત કરવા અંતગર્ત ગોલ્ડ મેડલ એનાયત કરવાના ધારા–ધોરણ સર્વાનુમતે સ્વીકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. પરીણામ જાહેર કરતાં પહેલાં ડીનશ્રી દ્વારા આપવામાં આવતાં ગ્રેસીગ માર્ક નકિક કરવા અંગે ચર્ચા.

**ઠરાવ નં–૧૨** **પરીણામની પ્રસિધ્ધ કર્યા પહેલાંની પરિસ્થિતિ અને આંકડાકીય માહિતી ના આધારે ગ્રેસીગ માર્ક આપવા ડીનશ્રીને સતા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. રીપીટર વિદ્યાર્થીઓ માટે યુ.જી. અને પી.જી.માં ઓલ્ડ કોર્ષની પરીક્ષા બે વખત લેવા બાબતે ચર્ચા

**ઠરાવ નં–૧૩** **પરીક્ષા બે વખત લેવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. વાર્ષિક પધ્ધતિમાં વિદ્યાર્થીઓને ડબલ ગ્રેજયુએટ કરવામાં પ્રથમ ગૌણ વિષયમાં એસ.વાય.બી.એ.ના પાંચમાં પ્રશ્નપ્રત્ર પાસ કરવાથી ટી.વાય.બી.એ.માં તે વિષયમાં ડબલ ગ્રેજયુએટ કરવા દેવામાં આવે છે, એ જ પ્રમાણે સેમે.પધ્ધતિમાં ઓપન ઇલેકટીવ વિષયમાં સેમે–૩માં ઓપન ઇલેકટીવના પે.નં.૩૦૭ અને સેમે–૪માં ઓપન ઇલેકટીવના પે.નં.૪૧૦ પાસ કરવાની શરતે તેના ઓપન ઇલેકટીવ વિષયમાં ડબલ ગ્રેજયુએટ કરવા દેવામાં આવે તે અંગે ચર્ચા. (એક્ષ્ટર્નલમાં વાર્ષિક પધ્ધતિના નિયમને ધ્યાનમાં રાખીને પ્રવેશ આપવામાં આવે જ છે.)

**ઠરાવ નં–૧૪** **કચ્છ યુનિવર્સિટીના તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સબંધિત અભ્યાસક્રમના પ્રશ્નપત્રો અને સમાવિષ્ટ વિષયવસ્તુની સમાનતા ડીનશ્રી દ્વારા ચકાસી, સબંધિત અભ્યાસક્રમની નિયત ક્રેડિટ પૂર્ણ થતી હોવા અંગેના ડીનશ્રીના અભિપ્રાય બાદ આવા કિસ્સામાં વિદ્યાર્થીને ડબલ ગ્રેજયુએશન કરવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University • BHUJ - Kachchh 370001

૧૫. સેમેસ્ટર ૧ અને ૨ પૂર્ણન હોય તે વિદ્યાર્થીને સેમેસ્ટર ૫ અને ૬ માં પ્રવેશ ન આપવા અંગે ચર્ચા.

**ઠરાવ નં–૧૫ કચ્છ યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓના સેમે–૧ અને સેમે–૨ સંપૂર્ણ પસાર કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને સેમે–૫ અને સેમે–૬માં પ્રવેશ આપવો નહિ તે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.(સિવાય કે કોઇ અભ્યાસક્રમ માટે નિયત ધારા–ધોરણ કે માન્ય શરતો અસ્તિત્વમાં/અમલમાં હોય, દાત.કાયદા વિદ્યાશાખા અને ૫(પાંચ) વર્ષ ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમો જેવા અન્ય અભ્યાસક્રમો)**

૧૬. જે વિદ્યાર્થીઓના તમામ સેમેસ્ટર કચ્છ યુનિવર્સિટીમાંથી ન હોય તેવા વિદ્યાર્થીઓના કેસમાં પરીણામ, માર્કસીટ તથા ડીગ્રી કઇ રીતે તૈયાર કરવા, આવા કિસ્સામાં પ્રવેશની પાત્રતા નકિક કરવા અંગે ચર્ચા.

**ઠરાવ નં–૧૬ જે વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષ કે સેમેસ્ટર અન્ય યુનિવર્સિટીના હોઇ તેવા વિદ્યાર્થીઓના કિસ્સામાં અગાઉની તમામ વર્ષ કે સેમેસ્ટરની ક્રેડિટ કેરી ફોરવર્ડ કરી સી.જી.પી.એ. તૈયાર કરીને પરીણામ, માર્કસીટ તથા ડીગ્રી અંગે નિર્ણય કરવો અને વિદ્યાર્થીની પ્રવેશ પાત્રતા નકિક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૭.તા.૨૯/૦૮/૨૦૧૬ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ યોજાયેલ પરીક્ષા નિયામક, પ્રોફેસર, એસો.પ્રોફેસર તથા આસી.પ્રોફેસરની નીચે મુજબના ઉમેદવારો દર્શાવેલ જગ્યાઓ માટે પસંદગી પામેલ છે તેની જાણ અંગે.

| ક્રમ | વિષયનું નામ | જગ્યાનું નામ | કેટેગરી | ઉમેદવારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | પ્રોફેસર | જનરલ | ડો. વિજય વ્યાસ |
| ૨ | કોમર્સ એન્ડ મેનેજમેન્ટ | આસિ. પ્રોફેસર | એસ.ટી. | શ્રી કૌશિકકુમાર રતીલાલ દલવી |
| ૩ | અર્થશાસ્ત્ર | એસો.પ્રોફેસર | જનરલ | સુશ્રી સતીજા કલ્પના ચંદ્રપ્રકાશ |
| ૪ | અંગ્રેજી | એસો.પ્રોફેસર | જનરલ | ડો.કાશ્મિરા પરેશ મહેતા |
| ૫ | અંગ્રેજી | એસો.પ્રોફેસર | એસ.ઇ.બી.સી. | શ્રી બસીયા રાજેશકુમાર વાલ્કુભાઇ |
| ૬ | અંગ્રેજી | આસિ.પ્રોફેસર | એસ.સી. | શ્રી સોલંકી મિલિંદ કાન્તીલાલ |
| ૭ | કેમેસ્ટ્રી | આસિ.પ્રોફેસર | એસ.ટી. | શ્રી રાઠોડ અજયકુમાર દિનેશકુમાર |
| ૮ | | પરીક્ષા નિયામક | જનરલ | શેઠ તેજલ જીતેન્દ્રકુમાર |

**ઠરાવ નં–૧૭ ઉપરોક્ત તમામ અધ્યાપકશ્રીઓને તથા પરીક્ષા નિયામકશ્રીની નિમણુંકને સર્વે સભ્યશ્રીઓ દ્વારા વધાવવામાં આવ્યા અને તેમને શુભેચ્છા પાઠવવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદા**

૧. એમ.ફિલ.ના અભ્યાસક્રમોમાં બેઠકોની સંખ્યા નકિક કરવા બાબતે ચર્ચા.

**ઠરાવનં–૧૮** **એમ.ફિલ.ના અભ્યાસક્રમોમાં યુ.જી.સી.ના ધારા–ધોરણ અનુંસાર રેગ્યુલેશન–૨૦૧૬ પ્રમાણે બેઠકો ની સંખ્યા નકિક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. કચ્છ યુનિવર્સિટીની વિનયન, વાણિજય, વિજ્ઞાન વિદ્યાશાખામાં ફરજીયાત અંગ્રેજી તથા કોર્મશીયલ કોમ્યુનીકેશન પેપર માટે વર્કબુક પ્રકાશિત કરવા તથા 'મેકમિલન પબ્લિકેશન પ્રા.લિ.(ગોરેગાંવ) સાથે એમ.ઓ.યુ. અંગે.

**ઠરાવ નં–૧૯** **કચ્છ યુનિવર્સિટીની વિનયન, વાણિજય, વિજ્ઞાન વિદ્યાશાખામાં ફરજીયાત અંગ્રેજી તથા કોર્મશીયલ કોમ્યુનીકેશન પેપર માટે વર્કબુક પ્રકાશિત કરવા તથા 'મેકમિલન પબ્લિકેશન પ્રા.લિ.(ગોરેગાંવ) સાથે એમ.ઓ.યુ. અને કાર્યવાહીને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું. (એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓને વર્કબુક મેળવવા યુનિવર્સિટી ખાતે આવવું ન પડે તે હેતુથી તેમને માટે વર્કબુક તાલુકા કક્ષાની કોલેજ ખાતે બુક વિતરણની કાર્યવાહી હાથ ધરવી.)**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ**

નકલ સવિનય રવાના:– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

Krantiguru Shyamji Krishna Varma Kachchh University, BHUJ - 370001